PG VCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG VCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૪/કવા–૦૨/૧૮–૧૯/ 9662(2) તા 24-10-18

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
મનસુખભાઈ વલ્લભભાઈ કાછડીયા,
ગામ: રાણસીકી
તા.ગોંડલ, જી. રાજકોટ
પીનકોડ – ૩૬૫૪૫૦
મો: ૯૮૨૫૮ ૮૨૦૬૪

**વિષય :–ખેતીની જમીન મા આવેલા પોલ ને શીફટીંગ કરવા બાબત**
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૮–૦૯–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૪/કવા–૦૨/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, વાસાવડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૫૪/કવા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૧૨–૧૦–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: મનસુખભાઈ વલ્લભભાઈ કાછડીયા, ગામ: રાણસીકી**

**રજુઆત કરનાર: અરજદાર મનસુખભાઈ વલ્લભભાઈ કાછડીયા હાજર રહેલ છે.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, વાસાવડ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)**

**રજુઆત કરનાર :વી.આર.પાંચાલ – નાયબ ઈજનેર (આર.ઈ.) પેટા વીભાગીય કચેરી, વાસાવડ**

## : હુકમ :

**ફરીયાદ : ખેતીની જમીન મા આવેલા પોલ ને શીફટીગ કરવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓની જમીન ગોંડલ તાલુકાના ગામ:રાણસીકી ના રે. સર્વે નંબર: ૩૮ મા ખેતી ની જમીન ધરાવે છે, જેમા શ્રી ભરતભાઈ નાનજીભાઈ ભંડેરીના નવા ખેતીવાડી વીજજોડાણ માટે ઉભી કરવાની વીજલાઈન તેઓના ખેતરમાથી કોઈપણ જાતની જાણકારી આપ્યા વગર – આજીવન નડતરરૂપ થાય તેમ પીજીવીસીએલ દ્રારા વીજથાંભલા અને લાઈન ઉભી કરાયેલ છે. તેમજ, જે નડતરરૂપ વીજલાઈન ઉભી કરાયેલ છે, તેમા પણ પીજીવીસીએલ ના નિયમ કરતા ૦૨ પોલ વચ્ચે ગાળો વધુ રાખેલ છે. જેથી ભવિષ્યમાં ગમે ત્યારે અકસ્માત અને પાકને નુકશાન થાય તેમ હોય – જેની સામે યોગ્ય કાર્યવાહી કરવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી મનસુખભાઈ વલ્લભભાઈ કાછડીયા, ગામ: રાણસીકી ની સદર અરજી ના અનુસંધાને – પેટા વિભાગીય કચેરીના પત્ર નમ્બર વાસાવડના પત્ર નમ્બર:- વીએસડી/સીજીઆરેફ/૧૭૬૮૭ તા.૦૧.૦૯.૨૦૧૮ મુજબ જણાવવાનું કે સદર અરજીના અનુસંધાને નાયબ ઇજનેર, વાસાવડ દ્રારા સ્થળ મુલાકાત લેતા નીચે મુજબની હકીકત ધ્યાને આવેલ છે.<br>➢ સ્થળ પર શ્રી મનસુખભાઈ વલ્લભભાઈ કાછડિયાના ખેતર માં સખપર એજી ફિડરનો પોલનંબર ૧૨૧ (DRD/SKA/AG/121) હયાત છે. જે લાઈન ઘણી જૂની છે.<br>➢ શ્રી ભરતભાઈ નાનજીભાઈ ભંડેરી ને વીજ જોડાણ આપવા માટે, સદર હયાત પોલ પરથી ફક્ત ટેપિંગ લીધેલ છે. જ્યાંથી બીજો પોલ આશરે ૪૪ મીટરના અંતરે ઉભો કરેલ છે જે પોલ શ્રી મનસુખભાઈ વલ્લભભાઈ કાછડીયાનાં ખેતરમાં ઉભો કરેલ નથી.<br>➢ આમ શ્રી મનસુખભાઈ વલ્લભભાઈ કાછડીયાનાં ખેતરમાં કોઇ પણ પ્રકારનો નવો પોલ ઉભો કરવામાં આવેલ નથી. તેમજ ઉભી કરવામાં આવેલ લાઈનનાં ગાળાની લંબાઈ નિયમ મુજબ છે. સદર વાંધો શ્રી ભરતભાઈ નાનજીભાઈ ભંડેરી તથા શ્રી મનસુખભાઈ વલ્લભભાઈ કાછડીયાનાં આંતરિક વિખવાદના કારણે ઉદભવેલ છે. |

| | |
|---|---|
| ૨.૨ | **ફોરમ કમિટી મીટીંગ: તા. ૧૨–૧૦–૧૮ માં – ફોરમ કમિટી દ્વારા કરાયેલ સુચના મુજબ – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સ્થળ રોજકામ તા.૧૫–૧૦–૧૮ ના રોજ બપોરે ૪.૩૦ કલાકે કરવામા આવેલ, તે મુજબ નાયબ** ઇજનેર (આર ઈ), વાસાવડ દ્વારા સ્થળ પર લાઈનની ઊંચાઈ માપવા તેમજ લાઈન વાયર વધુ ઊંચા ખેચવા અર્થે કોન્ટ્રાક્ટરના માણસો સાથે તા ૧૫.૧૦.૨૦૧૮નાં રોજ હાજર રહેલ. પરંતુ સ્થળ ઉપર શ્રી મનસુખભાઈ વલ્લભભાઈ કાછડિયા દ્વારા કામગીરી કરવા દીધેલ નહિ. આ ઉપરાંત સ્થળ પર હયાત લાઈનની જમીન લેવલ થી ઉંચાઇ પણ નાયબ ઇજનેર (આર ઈ), વાસાવડ દ્વારા માપવામાં આવેલ. જે ઉંચાઈ ૧૫ ફૂટ (૪.૬ મીટર) માલુમ પડેલ છે. જે સેફટી રેગ્યુલેશન ૨૦૧૦ના ક્લોઝ નંબર ૫૮ ના સબ ક્લોઝ ૩ મુજબ યોગ્ય છે. તેમજ સ્થળ પર કરેલ રોજકામની નકલ રજૂઆત કરતા શ્રી મનસુખભાઈ વલ્લભભાઈ ને વાસાવડ પેટા વિભાગીય કચેરીના પત્ર નંબર વાસાવડ/ટેક/૧૮૦૮૭ તા ૧૬.૧૦.૨૦૧૮ થી મોકલાવેલ છે. |

**<u>મુદ્દા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતે, પીજીવીસીએલ દ્વારા જણાવાયેલ કે – ફરીયાદી અરજદાર મનસુખભાઈ વલ્લભભાઈ કાછડીયા ના ખેતર માથી સગપર ખેતીવાડી ફીડર નો એક પોલ માથી પસાર થાય છે. **શ્રી ભરતભાઈ નાનજીભાઈ ભંડેરી** ને વીજજોડાણ આપવા માટે ઉપરોક્ત સદર હૈયાત પોલ પરથી ટેપીગ લીધેલ છે. જયાથી **બીજો પોલ** ફરીયાદી અરજદાર **શ્રી મનસુખભાઈ વલ્લભભાઈ કાછડિયાના ખેતર માંથી પસાર થતો નથી. તેમજ ઉભી કરવામા આવેલ વીજલાઈન ના ગાળા ની લંબાઈ સ્થળ પર હયાત લાઈનની જમીન લેવલ થી ઉંચાઇ પણ નાયબ ઇજનેર (આર ઈ), વાસાવડ દ્વારા માપવામાં આવેલ. જે ઉંચાઈ ૧૫ ફૂટ (૪.૬ મીટર) માલુમ પડેલ છે. જે સેફટી રેગ્યુલેશન ૨૦૧૦ના ક્લોઝ નંબર ૫૮ ના સબ ક્લોઝ ૩ મુજબ નિયમાધીન યોગ્ય છે.** |
| <u>૩</u>.૨ | **સેન્ટ્રલ ઇલેક્ટ્રિકસીટી ઓથોરીટી -MEASURES RELATING TO SAFETY AND ELECTRIC SUPPLY REGULATIONS, 2010 ના મુદ્દા નં ૫૮ :** Clearance above ground of the lowest conductor of overhead lines.- <br> No conductor of an overhead line including service lines, erected elsewhere than along or across any street shall be at a height less than – <br> (i) for lines of voltage up to and including 11,000 Volts, if bare - 4.6 metres <br> (ii) for lines of voltage up to and including 11,000 Volts, if insulated - 4.0 metres <br> (iii) for lines of voltage exceeding 11,000 Volts but not exceeding 33 kV - 5.2 metres |
| <u>૩.૩</u> | ઉપરોકત મુદ્દા નં ૩.૧ અને ૩.૨ અન્વયે જણાવવાનું કે અરજદાર દ્વારા મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતે – નાયબ ઇજનેર (આર ઈ), વાસાવડ દ્વારા સ્થળ પર લાઈનની ઊંચાઈ માપવા તેમજ લાઈન વાયર વધુ ઊંચા ખેચવા અર્થે કોન્ટ્રાક્ટરના માણસો સાથે તા ૧૫.૧૦.૨૦૧૮નાં રોજ હાજર રહેલ. પરંતુ સ્થળ ઉપર શ્રી મનસુખભાઈ વલ્લભભાઈ કાછડિયા દ્વારા કામગીરી કરવા દીધેલ નહિ. આ ઉપરાંત સ્થળ પર હયાત લાઈનની જમીન લેવલ થી ઉંચાઇ પણ નાયબ ઇજનેર (આર ઈ), વાસાવડ દ્વારા માપવામાં આવેલ. જે ઉંચાઈ ૧૫ ફૂટ (૪.૬ મીટર આશરે) જણાયેલ છે. સદર બાબતે અરજદાર ને લેખીત જાણકારી હેઠળ વીજવાયર નુ અંતર – સેન્ટ્રલ ઇલેક્ટ્રિકસીટી ઓથોરીટી રેગ્યુલેશન ૨૦૧૦ના ક્લોઝ નંબર ૫૮ ના સબ ક્લોઝ ૩ મુજબ વીજવાયર ના તાર ખેચવા માટે – યોગ્ય નિયમાધીન કાર્યવાહી કરવી, તેમજ– પીજીવીસીએલ ની સદર કાર્યવાહી માટે અરજદારે સંપુર્ણ સહકાર આપવાનો રહેશે, અન્યથા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન કાર્યવાહી કરવી – તેમ સદર કેઈસ મા – ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ કરાયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકિય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.